વડોદરામાં ફૂડ સેફ્ટી વિભાગના દરોડા : ભેળસેળિયાઓમાં ફફડાટ જોવા મળ્યો

સુરસાગર પાસે 'રાજુ પટ્ટી સમોસા'ની સ્ટોર પરથી ૯૫ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

સમોસા બનાવવામાં ન્યૂઝપેપરનો ઉપયોગ થતો હોવાનું ખુલતા રૂ. ૧૦ હજારનો દંડ; ફરી બેદરકારી જણાશે તો દુકાન સીલ કરવાની ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.૪

સંસ્કારી નગરી વડોદરામાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાદ્યપદાર્થ વિક્રેતાઓ સામે મહાનગરપાલિકાના ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. શહેરમાં ચટાકેદાર વાનગીઓ માટે જાણીતા સુરસાગર વિસ્તારમાં આવેલા અને મહારાણી કન્યા વિદ્યાલય સામે કાર્યરત 'રાજુ નાસ્તા હાઉસ' (રાજુ પટ્ટી સમોસા) ખાતે આજે ફૂડ વિભાગની ટીમે અચાનક ચેકિંગ હાથ ધરીને કડક તવાઈ બોલાવી હતી. ફૂડ વિભાગના દરોડા દરમિયાન દુકાનમાં ભારે અનિયમિતતાઓ અને અસ્વચ્છતા જોવા મળી હતી. સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી હતી કે અહીં સમોસા બનાવવાની પ્રક્રિયામાં ન્યૂઝપેપર (છાપા)નો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. છાપાની શાહીમાં રહેલા કેમિકલ્સ આરોગ્ય માટે અત્યંત હાનિકારક હોવા છતાં, ગ્રાહકોના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર છાપાનો ઉપયોગ થતો હોવાનું માલૂમ પડ્યું હતું.

આ ગંભીર બેદરકારીને ધ્યાને રાખીને ફૂડ સેફ્ટી ઓફિસરોએ સ્થળ પર જ ન્યૂઝપેપર સાથે સંપર્કમાં આવેલા તૈયાર સમોસા તેમજ સમોસાની પટ્ટીઓ મળીને કુલ ૯૫ કિલો જેટલા અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરાવ્યો હતો.

આ ઉપરાંત, નાસ્તા હાઉસમાં વપરાતા મસાલાની ગુણવત્તા તપાસવા માટે ફૂડ વિભાગની ટીમે મરચા પાવડરનો નમૂનો લઈ તેને લેબોરેટરી ટેસ્ટિંગ અર્થે મોકલી આપ્યો છે. આરોગ્યના નિયમોના ધાજીયા ઉડાડવા અને ગંભીર બેદરકારી દાખવવા બદલ સંબંધિત વોર્ડ કચેરી દ્વારા રાજુના સ્તા હાઉસના સંચાલકને રૂ. ૧૦,૦૦૦નો સ્થળ દંડ ફટકારવામાં આવ્યો હતો.ફૂડ વિભાગના અધિકારીઓએ દુકાનદારને આખરી ચેતવણી આપતા સ્પષ્ટ જણાવ્યું છે કે, જો ભવિષ્યમાં ફરી ક્યારેય આવી બેદરકારી કે અસ્વચ્છતા જણાશે તો કોઈપણ જાતની રાહત આપ્યા વગર દુકાન સીલ કરવાની આકરી કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગની આ અચાનક કાર્યવાહીથી શહેરના અન્ય ખાદ્યપદાર્થ વિક્રેતાઓમાં ભારે ફાડ પડી છે.

ગોત્રી ઇસ્કોન મંદિરમાં ભવ્ય જન્માષ્ટમી મહામહોત્સવ ૨૦૨૬

હજારો ભક્તો ઉમટશે, દિવ્ય શણગાર અને ૫૬ ભોગનો મનોરથ યોજાશે

તા. ૪ સપ્ટેમ્બરે મંગળા આરતી, ભવ્ય દર્શન અને મધ્યરાત્રિએ જન્મોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

વડોદરાના ગોત્રી હરિનગર સ્થિત ભવ્ય ઈસ્કોન મંદિર ખાતે જગતગુરુ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ વર્ષે તા. ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જન્માષ્ટમી અને તા. ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નંદોત્સવ તથા શ્રીલ પ્રભુપાદજીની વ્યાસપૂજા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. કાળિયા ઠાકુરના પ્રાગટ્ય પર્વને વધાવવા માટે મંદિરને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય સ્વરૂપને અલૌકિક ફૂલોના મનોહર શણગારથી સજાવવામાં આવશે. પવિત્ર દ્રવ્યો દ્વારા મહાઅભિષેક તેમજ ૫૬ ભોગનો ભવ્ય મનોરથ યોજાશે. મંદિરના ઉપપ્રમુખ નિત્યાનંદ સ્વામીએ તમામ શ્રદ્ધાળુઓને આ દિવ્ય મહોત્સવમાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

હજારોની સંખ્યામાં ઉમટનાર ભક્તજનો માટે સુગમ દર્શન, સુરક્ષા અને મહાપ્રસાદની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર પ્રશાસન દ્વારા ભક્તોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના વાહનો નિર્ધારિત પાર્કિંગ સ્થળે જ વ્યવસ્થિત પાર્ક કરે,

જન્માષ્ટમી મહોત્સવના કાર્યક્રમો (તા. ૪ સપ્ટેમ્બર ૨૦૨૬)

સવારે ૦૪:૩૦ વાગ્યે :- મંગળા આરતી. સવારે ૦૮:૦૦ વાગ્યે :- ભગવાનના દિવ્ય શ્રૃંગાર દર્શન શરૂ થશે અને બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી મંદિર ભક્તો માટે ખુલ્લું રહેશે. સાંજે ૦૪:૩૦ થી ૧૦:૩૦ વાગ્યે :- ભાવી ભક્તોના દર્શનાર્થ માટે મંદિર પુનઃ ખુલ્લું રહેશે. રાત્રે ૧૨:૦૦ વાગ્યે :- "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી" ના નાદ સાથે મધ્યરાત્રિએ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. જન્માષ્ટમીના બીજા દિવસે તા. ૫ સપ્ટેમ્બરના રોજ નંદોત્સવ અને પરમગુરુ શ્રીલ પ્રભુપાદજીની વ્યાસપૂજા ઉજવાશે.

વડોદરામાં પાણીપુરીના કારખાના પર પાલિકાની તવાઈ

૫૦થી વધુ ભટ્ટીઓ તોડી પડાઈ, લોટ અને દૂષિત સામગ્રીનો સ્થળ પર જ નાશ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

સંસ્કારી નગરી વડોદરામાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરતા અસામાજિક અને બેદરકાર ખાદ્ય વેપારીઓ સામે વડોદરા મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. શહેરીજનોમાં ભારે લોકપ્રિય એવી પાણીપુરીની પૂરીઓ જ્યાં અત્યંત ગંદકી અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણમાં તૈયાર કરવામાં આવતી હતી તેવા સ્થળ પર પાલિકાના આરોગ્ય વિભાગ અને દબાણ શાખાની સંયુક્ત ટીમે ત્રાટકીને કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આવેલા ડી-માર્ટ નજીક મોટા પાયે પાણીપુરીની પૂરીઓ બનાવવાનું ગેરકાયદેસર અને અસ્વચ્છ કારખાનું ધમધમી રહ્યું હોવાની બાતમી પાલિકા તંત્રને મળી હતી. આ માહિતીના આધારે આરોગ્ય વિભાગ અને દબાણ નિવારણ શાખાની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. પાલિકાની ટીમ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે ત્યાંનું દ્રશ્ય જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. જે જગ્યાએ રોજબરોજ હજારો પૂરીઓ તૈયાર થતી હતી, ત્યાં ઠેર-ઠેર ગંદકીના સામ્રાજ્ય વચ્ચે સ્વચ્છતાના નિયમોના ધાજીયા ઉડાવવામાં આવી રહ્યા હતા. લોકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું કરતી આ પરિસ્થિતિને ધ્યાને રાખીને પાલિકાની ટીમે સ્થળ પર જ કડક હાથે કામગીરી શરૂ કરી હતી. કાર્યવાહી દરમિયાન પૂરીઓ તળવા માટે વપરાતી 50થી વધુ ભટ્ટીઓ અને ચૂલાઓને તોડી પાડીને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અસ્વચ્છ વાતાવરણમાં રાખવામાં આવેલો પૂરીઓ બનાવવાનો તમામ લોટ, તેલ અને અન્ય રો-મટીરીયલનો જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો, જેથી આ દૂષિત સામગ્રી બજારમાં વેચાણ અર્થે પહોંચી ન શકે. શહેરના નાગરિકો બહારની વાનગીઓ અને ખાસ કરીને પાણીપુરી ખુબ જ ચટાકાથી ખાતા હોય છે, પરંતુ જ્યારે આવી લોકપ્રિય ખાદ્યચીજો અત્યંત દૂષિત અને ગંદા વાતાવરણમાં તૈયાર થતી હોય ત્યારે ગ્રાહકોના આરોગ્ય સામે મોટો ખતરો ઉભો થાય છે. પાલિકાની આ અચાનક અને આકરા પ્રહાર જેવી કાર્યવાહીથી ભેળસેળિયા અને અસ્વચ્છતા ફેલાવતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સ્ટેજથી સ્માર્ટફોન સુધી 'અભિનય'નો નવો અવતાર

'ધ રીલ સીન' વર્કશોપમાં ૧૫ નવોદિત કલાકારો-કન્ટેન્ટ ક્રિએટર્સે શીખી કેમેરા એક્ટિંગ અને માઇક્રો-સ્ટોરીટેલિંગની કળા

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૧ : વડોદરાની અગ્રણી 'ત્રિવેણી થિયેટર ગ્રુપ' અને 'યોગનિકેતન'ના સંયુક્ત ઉપક્રમે ફતેહગંજ સ્થિત યોગનિકેતન ખાતે 'ધ રીલ સીન' નામની ૩ કલાકની વિશેષ નાટ્ય વર્કશોપ યોજાઈ હતી. બદલાતા ડિજિટલ યુગમાં રીલ્સ અને ટૂંકી વાર્તાઓની વધતી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખી રંગમંચના અભિનયને સ્માર્ટફોન કેમેરા સામે અસરકારક રીતે રજૂ કરવાની કળા શીખવવામાં આવી હતી. વર્કશોપમાં નવોદિત કલાકારો ઉપરાંત કન્ટેન્ટ ક્રિએટર્સ, વિદ્યાર્થીઓ, શિક્ષકો સહિત ૧૫ જેટલા તાલીમાર્થીઓ જોડાયા હતા. અભિનેતા-લેખક અને કન્ટેન્ટ ક્રિએટર વૈભવ ઠક્કર, કલાકારો તથા રીલ મેકર્સ યશસ્વી પંડ્યા અને આકાશ દાતારે કેમેરા એક્ટિંગ, બોડી લેંગ્વેજ, ઓડિયન્સ અને માઇક્રો-સ્ટોરીટેલિંગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. મિશાલ ભાટીયા અને યુવા દિગ્દર્શક નિસર્ગ રાવલે ટેકનિકલ તથા સર્જનાત્મક પાસાં સમજાવ્યા હતા. વર્કશોપના અંતિમ અડધા કલાકમાં તાલીમાર્થીઓએ સ્થળ પર જ તૈયાર કરેલી એક-એક મિનિટની રીલ્સનું સ્ક્રીનિંગ કર્યું હતું. વરિષ્ઠ દિગ્દર્શક પી. એસ. ચારીએ પણ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ૧૯૬૦માં સ્થપાયેલ ત્રિવેણી થિયેટર ગ્રુપનો આ પ્રયોગ રંગભૂમિને આધુનિક ડિજિટલ માધ્યમ સાથે જોડવાનો પ્રયાસ રહ્યો.

વ્રજધામ આધ્યાત્મિક સંકુલ માંજલપુર ખાતે મોટી સંખ્યામાં વૈષ્ણવો હાજર રહ્યા

વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારના સાનિધ્યમાં ઈન્દિરા બેટીજીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વિશ્વવંદનીયા નિત્ય લીલાસ્થ ઈન્દિરા બેટીજી (પૂજનીયા શ્રીજીજી) નો પ્રાગટ્યોત્સવ શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારના મંગલ સાનિધ્યમાં ઉજવણી થઈ . વિશ્વભરમાં પોતાના દિવ્ય સેવા કાર્યોની સુવાસ અને ભગવદ જ્ઞાન પ્રસરાવીને લાખો જીવોને શ્રી પ્રભુ ભક્તિમાં પ્રેરિત કરવા સતત અગ્રેસર એવા વાત્સલ્યમૂર્તિ વિશ્વવંદનીયા પરમવિદુષી શ્રીવલ્લભ કુલભૂષણા નિત્ય લીલાસ્થ ઈન્દિરાબેટીજી મહોદયાશ્રી (શ્રીજીજી)નો મંગલ પ્રાગટ્ય ઉત્સવ શ્રાવણ વદ ચોથ, ૧ સપ્ટેમ્બર 2026 મંગળવાર ના રોજ શહેરના વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે શ્રી વલ્લભ કુલભૂષણ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયના સાનિધ્યમાં સંપન્ન થયો. શ્રીજીજી ના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે ૧ સપ્ટેમ્બર 2026 મંગળવાર ના રોજ સાંજે ૫:૦૦ કલાકે હાર્દિક શાહ તથા ગાયક વૃંદ દ્વારા સુંદર ભક્તિ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીજીના શ્રાવણી ધારા ના ભજનોમાં વૈષ્ણવો તરબોળ થયા. આ સાથે જ પુજનીયા જીજીશ્રીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ના સંસ્મરણોને વાગોળતા વ્રજરાજકુમારજી મહોદયે મંગલ આશીર્વચનથી સૌને લાભાન્વિત કર્યા હતા. પુજનીયા શ્રી જીજીના સ્વપ્ના સમાન સમગ્ર વૈષ્ણવ શ્રુષ્ટિ ના લાભાર્થે નરહરિ હોસ્પિટલ નું નવ નિર્માણ પુરજોશમાં થઈ રહ્યું છે. આ કાર્યક્રમ માં બન્કર્સ ગ્રુપના ફોઉંડર એવં નરહરિ હોસ્પિટલ ટ્રસ્ટી ડો. દર્શન બેન્કર દ્વારા નવનિર્માણાધીન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ બિલ્ડીંગ સંદર્ભમાં સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.આ ઉજવણીમાં વડોદરા શહેર ભા.જ.પા પ્રમુખ ડો.જયપ્રકાશભાઈ સોની, પ્રથમ નાગરિક શ્રીમતી ગીતાબેન મકવાણા, IMA વડોદરાના પ્રમુખ તથા IMA રાષ્ટ્રીય સમિતિના વાઇસ પ્રેસિડેન્ટ ડો.મિતેષ શાહ સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મધ્યપ્રદેશના અલીરાજપુરથી દારૂ ભરી આવતી વેળા પીસીબીએ કાર પકડી

કપુરાઈ ચોકડી પાસેથી રૂ. 2.17 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરમાં દારૂની હેરાફેરી સામે PCB પોલીસે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. નેશનલ હાઈવે-48 પર કપુરાઈ ચોકડી બ્રિજ પાસે વાહન ચેકિંગ દરમિયાન દારૂ ભરેલી કાર ઝડપાઈ હતી. પોલીસે કારમાંથી 2.17 લાખના વિદેશી દારૂની 782 બોટલ અને કાર મળી રૂ.5.30 લાખનો મુદ્દામાલ કબજે કરી બે આરોપીની ધરપકડ કરી છે. જ્યારે દારૂ સપ્લાય કરનાર અને જથ્થો મંગાવનાર બે શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

તહેવારોને ધ્યાનમાં રાખીને PCBની ટીમ કપુરાઈ ચોકડી બ્રિજ પાસે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે બાતમીના આધારે એક શંકાસ્પદ ફોર વ્હીલર કારને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. કારની તપાસ દરમિયાન વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.કારમાં સવાર અમદાવાદના બાપુનગરના ચિરાગ જીતેન્દ્ર પટેલ અને વડોદરાના હરણી-વારસીયા રોડના મોહિત જીતેન્દ્ર ખેતલાને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે કારમાંથી રૂ.2.17 લાખની કિંમતના દારૂની 782 બોટલ રૂ.3 લાખની કાર, બે મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત રૂ.5,.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ મધ્યપ્રદેશના અલીરાજપુર ખાતેથી અજાણ્યા શખ્સ પાસેથી દારૂનો જથ્થો કારમાં ભરી વડોદરા લાવી રહ્યા હતા. આ દારૂનો જથ્થો વડોદરાના ફતેગંજ વિસ્તારમાં રહેતા નરેશ ઉર્ફે લંગડા નામના શખ્સને પહોંચાડવાનો હતો. PCB પોલીસે દારૂ સપ્લાય કરનાર અને જથ્થો મંગાવનાર બે વોન્ટેડ આરોપીઓ સુધી પહોંચવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રૂ.૧૦.૨૦લાખના પ્રતિબંધિત ઈ-સિગારેટ જથ્થાના કેસમાં બે વોન્ટેડ ઝડપાયા

એસઓજીએ સેફાન ઉર્ફે બાબા મેમણ અને અવેશ પટેલને તેમના રહેણાંક સ્થળેથી દબોચ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

અકોટા ટાઉનશીપમાંથી ઝડપાયેલા રૂ.10.20 લાખની કિંમતના પ્રતિબંધિત ઈ-સિગારેટના જથ્થાના કેસમાં વડોદરા શહેર એસઓજીએ ફરાર બે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી ઈ-સિગારેટ, ઈ-હુક્કા અને પ્રતિબંધિત તમાકુ પ્રોડક્ટના વેચાણ સામે કાર્યવાહી ચાલી રહી છે. તા.21 ઓગસ્ટે એસઓજીને મળેલી બાતમીના આધારે અકોટા ટાઉનશીપના મકાનમાંથી ચાઈના બનાવટની અલગ-અલગ બ્રાન્ડ અને ફ્લેવરની કુલ 408 ઈ-સિગારેટ (વેપ), કિંમત રૂ.10.20 લાખ મળી આવી હતી. આ કેસમાં બે આરોપી સેફાન ઉર્ફે બાબા ઇકબાલભાઈ મેમણ અને અવેશ રફીક પટેલને વોન્ટેડ જાહેર કરાયા હતા. એસઓજી પોલીસે બંને આરોપીઓના રહેણાંક સ્થળે તપાસ કરી હતી. દરમિયાન બંને મળી આવતા તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અકોટા પોલીસ સ્ટેશનમાં COTPA તથા ઈ-સિગારેટ પ્રતિબંધિત કાયદા સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

સતિષભાઈ પટેલ પોતે પણ વર્ષોથી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે

માંજલપુરના નવનિયુક્ત ધારાસભ્ય સતિષભાઈ પટેલનું છાણી ખાતે સ્વાગત

આ જીતને છાણી અને સહકારી આલમનું ગૌરવ ગણાવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં જંગી બહુમતીથી વિજેતા થયેલા અને વિસ્તારના લોકપ્રિય નેતા તથા ૧૪૫-માંજલપુરના ધારાસભ્ય શ્રી સતિષભાઈ પટેલના સન્માનમાં છાણી ખાતે ભવ્ય સ્વાગત અને સન્માન સમારોહ યોજાયો હતો. છાણી લેઉવા પટેલ હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં છાણી ગામની પ્રતિષ્ઠિત સહકારી અને સામાજિક સંસ્થાઓના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા નવનિયુક્ત ધારાસભ્યશ્રીનું ભાવભેર સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

સતિષભાઈ પટેલ પોતે પણ વર્ષોથી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે અને છાણી નાગરિક સહકારી બેંકના ચેરમેન તરીકે પણ સેવા આપી રહ્યા છે.

આ પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને વિવિધ સહકારી સંસ્થાઓના ડિરેક્ટર્સે તેમની વિજયને સમગ્ર છાણી ગામ તથા સહકારી આલમ માટે ગૌરવરૂપ ગણાવી હતી. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય શ્રી સતિષભાઈ પટેલનું પરંપરાગત રીતે પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનો અને સંસ્થાના પ્રતિનિધિઓએ તેમને અભિનંદન પાઠવી આગામી જાહેર જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સન્માનનો સ્વીકાર કરતાં ધારાસભ્ય સતિષભાઈ પટેલે તમામ સહકારી તથા સામાજિક સંસ્થાઓના હોદ્દેદારો, ડિરેક્ટર્સ અને છાણી ગામના નાગરિકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

૩ સપ્ટેમ્બરે સ્થાયી સમિતિની મહત્વની બેઠક યોજાશે

કરોડોના વિકાસ કામો અને વાહન ખરીદી સહિત ૨૯ દરખાસ્તો રજૂ થશે

સ્વર્ણિમ જયંતી ગ્રાન્ટમાંથી સક્શન મશીનો, અશોક લેલેન્ડ ટ્રક અને બુલડોઝરની ખરીદી તથા છાણીમાં રૂ. ૮.૩૭ કરોડના કોમ્યુનિટી હોલના નિર્માણ અંગે લેવાશે આખરી નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની અગત્યની બેઠક આવનારી તારીખ ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૬ ને ગુરૂવારના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે ખંડેરાવ માર્કેટ સ્થિત પાલિકા કચેરીના સમિતિખંડમાં યોજાશે. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ, નાગરિક સુવિધાઓ, આરોગ્ય, ડ્રેનેજ, વાહન ખરીદી અને વહીવટી મંજૂરીઓને લગતી કુલ ૨૯ જેટલી વિવિધ દરખાસ્તો નિર્ણય અર્થે રજૂ કરવામાં આવશે.

મિકેનિકલ ખાતા દ્વારા સ્વર્ણિમ જયંતી ગ્રાન્ટ ૨૦૨૫-૨૬ અંતર્ગત શહેરની ડ્રેનેજ અને સફાઈ કામગીરીને વધુ સુદ્રઢ કરવા ૩૫૦૦ લીટર કેપેસિટીના ૦૮ નંગ સકશન મશીનો રૂ. ૨,૮૬,૫૯,૩૮૪ ના ખર્ચે રીપીટ ઓર્ડર આપી ખરીદવાની ભલામણ રજૂ કરાઈ છે. આ ઉપરાંત ગાર્બેજ અને અન્ય સામગ્રીના વહન માટે GeM પોર્ટલ મારફતે રૂ. ૧,૭૭,૫૦,૦૦૦ ના ખર્ચે ૧૦ નંગ અશોક લેલેન્ડ ટ્રક ખરીદવાની દરખાસ્ત પણ મૂકવામાં આવી છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ૨૦ ટ્રેક્ટર ટ્રોલી વાહનોના સંચાલન અને નિભાવણી (O|M) માટે રૂ. ૧.૦૭ કરોડથી વધુનો ઈજારો આપવાની દરખાસ્ત પણ સમિતિ સમક્ષ આવશે.

ચોમાસા અને પૂરની પરિસ્થિતિમાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી માટે અગ્નિશમન વિભાગ દ્વારા ૪૫ કે તેથી વધુ વોકીટોકી ૬ માસ માટે ભાડે લેવાના રૂ. ૪.૭૭ લાખથી વધુના ખર્ચને મંજૂરી આપવાની ભલામણ કરાઈ છે. સાથોસાથ ફાયર બ્રિગેડ વિભાગમાં ગાજરાવાડી, દાંડિયાબજાર અને ચીફ ઓફિસર (ફાયર) ની ખાલી પડેલી જગ્યાઓ પર અધિકારીઓને ચાર્જ એલાઉન્સ સાથે વધારાનો ચાર્જ સોંપવાની દરખાસ્ત પણ બેઠકમાં નિર્ણાયક બનશે. શહેરના ઉત્તર અને દક્ષિણ ઝોનમાં નવીન આંગણવાડીઓના નિર્માણ માટે રૂ. ૧.૪૯ કરોડ તથા છાણી ટી.પી.૧૩ વિસ્તારમાં નવીન કોમ્યુનિટી હોલ બનાવવા માટે રૂ. ૮.૩૭ કરોડના ભાવપત્ર મંજૂર કરવાની દરખાસ્ત છે. ઐતિહાસિક માંડવી ગેટના જર્જરીત કોલમના સમારકામ માટે સવાણી હેરિટેજ કન્સર્વેશનને કામગીરી સોંપવાના નિર્ણયને બહાલી અપાશે.

રક્ષાબંધન પર્વે બ્રહ્માકુમારી અટલાદરા ખાતે ડૉ. હેમાંગ જોશીએ આશીર્વાદ મેળવ્યા

પ્રતિનિધિ) વડોદરા તા.૪

વડોદરાઃ રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે બ્રહ્માકુમારી અટલાદરા ખાતે ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. હેમાંગ જોશીએ અરુણા દીદી, પૂનમ દીદી સહિત બ્રહ્માકુમારી બહેનોના સાનિધ્યમાં રક્ષાસૂત્ર બંધાવી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, બ્રહ્માકુમારી અટલાદરા કેન્દ્ર સાથે લાંબા સમયથી આત્મીય સંબંધ રહ્યો છે. બાબાના આશીર્વાદ અને બ્રહ્માકુમારી બહેનોનો સ્નેહ સતત મળતો રહ્યો છે. દેશના સૌથી મોટા રાજકીય યુવા સંગઠન ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળતા પહેલાં તેમણે અહીં આવી આશીર્વાદ મેળવ્યા હતા.

વડોદરામાં ખાણી-પીણીના વેપારીઓ પર તવાઈ, ૨૨ યુનિટ પર દરોડા પાડી ૧૨૦ કિલો અખાદ્ય જથ્થો નાશ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરના આદેશ અને ડેઝિગ્નેટેડ ઓફિસર તથા અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ, ખોરાક શાખાના સીનિયર ફૂડ સેફ્ટી ઓફિસરો અને ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા શહેરમાં ખાણી-પીણીના વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે.

આ વિશેષ ઝુંબેશ અંતર્ગત શહેરના ઈનોબિટ મોલ સામે (ગોરવા), એલેમ્બિક સિટી, વાસણા-ભાયલી રોડ, નીલામ્બર સર્કલ-ગોત્રી રોડ, સુરસાગર તળાવ સામે, જાંબુવા બાયપાસ બ્રિજ પાસે, હરણી-સમા લિંક રોડ, સયાજીગંજ તથા અકોટા વિસ્તારમાં આવેલ ખાદ્યપદાર્થો સાથે જોડાયેલા કુલ ૨૨ જેટલા વ્યાપારી એકમો પર આકસ્મિક ચેકિંગની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસની આ કાર્યવાહી દરમિયાન મરચા પાવડર, મીઠું, છોલે મસાલો, સેવ, ચણાદાળ, સોયા સોસ, ગ્રીન ચિલી સોસ, વિનેગર તેમજ પ્રિપેર્ડ ફૂડમાં ચણા મસાલો અને સેવ-ટામેટાનું શાક મળીને કુલ ૧૦ શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા. આ તમામ નમૂનાઓને પૃથ્થકરણ અર્થે

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Bharuch City Division
B/H Jilla Panchayat, Station Road, Panchbatti, Bharuch 392 001
DGVCL Toll Free No. 19123 (OR 1800 233 3003)

Tender Notice

Tenders (Nos. 13 to 15 (2026-27) are invited for erection & maintenance of overhead 11 kV HT/LT lines and transformer centres under various schemes in the jurisdiction of Palej, Bharuch Rural and Haldarva Sub-Divisions under Bharuch City Division. Details of the tenders are available on dgvcltender.nprocure.com.

EE (O&M), Bharuch City Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

ગોધરા નગરપાલિકા
ઓનલાઈન ટેન્ડર નિવિદા-૧૦ સને-૨૦૨૬-૨૭
બીજો પ્રયત્ન

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાક્ટર વિ. ને ગોધરા શહેર માં વિવિધ વિકાસ ના કામો માટે સરકારશ્રીની વિવિધ ગ્રાંટો પૈકી સી.સી.રોડ, ડામર રોડ અને પેવર બ્લોક રોડ ના અંદાજીત રકમ રૂ.૪૯૯.૩૪ લાખ ના કુલ ૦૧ કામ માટે ના ઓનલાઈન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૨૪/૦૯/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી / કોન્ટ્રાક્ટરે ટેકનીકલ બીડ તા.૨૯/૦૯/૨૦૨૬ સુધી મુખ્ય અધીકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/ સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ્દ બાતલ કરવાનો હક્ક નગરપાલિકાને અબાધિત રહેશે.

તા.૨૯/૦૯/૨૦૨૬

(એસ. પી. પટેલ) મુખ્ય અધીકારી નગરપાલિકા ગોધ